Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિવિધ ધર્મોમાં એકતા

ડૉ.અબ્બાસઅલી એચ. સુથાર
જાફરી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શેખપુર

**પૂર્વભૂમિકા**:

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એ માત્ર કાવ્યાત્મક અભિવ્યક્તિનું ક્ષેત્ર નથી, પરંતુ તે સમયના ધાર્મિક, તત્ત્વજ્ઞાનિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવાહોનું જીવંત પ્રતિબિંબ છે. આશરે ઈ.સ. ૧૦મી સદીથી ૧૮મી સદી સુધીનો સમયગાળો મધ્યકાલીન સાહિત્ય તરીકે ઓળખાય છે, જેમાં શૈવ, વૈષ્ણવ, જૈન, બૌદ્ધ તથા ઇસ્લામિક સૂફી પરંપરાઓનું ગાઢ પ્રભાવ જોવા મળે છે. આ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રસ્તુત વિવિધ ધર્મોની વિચારધારા, તેમના પરસ્પર સંબંધો, સમન્વયભાવ તથા માનવવાદી મૂલ્યોનું વિશ્લેષણ કરવાનો છે. નરસિંહ મહેતા, અખો, મીરાં, દયારામ, જિનપ્રભસૂરિ, સૂફી સંતો વગેરેના સાહિત્યમાં ધર્મ માત્ર પૂજા કે વિધિ નથી, પરંતુ આત્મિક મુક્તિ અને માનવ કલ્યાણનો માર્ગ છે. આ સંશોધનપત્ર દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ધાર્મિક બહુરંગીતા અને "વિવિધતામાં એકતા"ના મૂળ તત્ત્વને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો**: મધ્યકાલીન સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, વિવિધ ધર્મો, ભક્તિ આંદોલન, સૂફી પરંપરા, ધાર્મિક સમન્વય, એકતા

## મધ્યકાલીન સાહિત્ય: ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય

ભારતીય સાહિત્ય પરંપરામાં મધ્યકાલીન યુગ એક વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ સમયગાળો છે. આ યુગે ધાર્મિક વિચારધારાઓનું પુનરાવર્તન થયું, જૂની વિધિવાદી પ્રણાલીઓ સામે માનવતાવાદી અને ભક્તિમાર્ગી અભિગમ ઊભો થયો. ગુજરાતમાં આ સમયગાળામાં વિવિધ ધર્મો અને સંપ્રદાયો સાથે-સાથે વિકસ્યા, જેના કારણે સાહિત્યમાં પણ બહુમુખી ધાર્મિક અભિવ્યક્તિ જોવા મળે છે. ગુજરાતી સાહિત્યમાં નહિ પરંતુ સમગ્ર ભારતીય સાહિત્યમાં ઈ.સ.૧૧ સદીથી લઈને ઈ.સ.૧૮ સદીના પૂર્વાધ સુધી સમગ્ર લોકજીવન કંટાળેલું અને જીવનની ગંભીર

કડીઓમાં ફસાયેલું જોવા મળે છે. મધ્યકાલીન સંશોધકોના શબ્દોમાં કહેવું હોય તો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આપણને ધર્મ સિવાય બીજા અન્ય વિષયોમાં સાહિત્ય ખૂબ ઓછું ખેડાણ થયું છે. એટલે એમ કહી શકાય કે "મધ્યકાલીન સાહિત્ય ધર્મના વાડામાં પૂરાયેલું હતું."

ભારતવર્ષમાં મધ્યકાલીન સમયગાળો ખૂબ જ ગંભીર અને સંઘર્ષોથી ભરેલો છે. વિદેશી પ્રજાઓના આક્રમણોથી થાકેલી પ્રજાજીવનમાં ફક્ત એક જ સૂર ફૂંકાયેલો કે પોતે સુરક્ષિત થવું જોઈએ અને બચવું જોઇએ. જેનાથી તત્કાલીન સમયગાળામાં ધાર્મિક, રાજકીય, સાંસ્કૃતિક અને સામાજિક પરિબળોએ સાહિત્ય પર ખૂબ અસર જોવા મળી છે.

મધ્યકાલીન યુગમાં ગુજરાતમાં રાજકીય પરિવર્તનો, વિદેશી શાસન, વેપારિક વિકાસ અને ધાર્મિક આંદોલનો સાથે સમાજમાં વિશાળ પરિવર્તન લાવ્યા. સોલંકી, વાઘેલા, સુલતાની અને મુઘલ શાસન દરમિયાન વિવિધ ધર્મોને આશ્રય મળ્યો. જેનાથી સાહિત્યમાં વિવિધ પ્રકારના પરીવર્ત્યો આપણને જોવા મળે છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ધર્મ માત્ર આધ્યાત્મિક બાબત નથી, પરંતુ તે સમાજના નૈતિક મૂલ્યો, જાતિ-વ્યવસ્થા, સામાજિક સમાનતા, સ્ત્રી-સ્થિતિ અને માનવીય સંવેદનાને સ્પર્શે છે. આ સાહિત્યમાં રામ, શૈવ, વૈષ્ણવ, જૈન અને ઇસ્લામિક સૂફી પરંપરાઓ એકબીજાની સામે નહીં પરંતુ ઘણી વખત એકબીજાને સ્પર્શતી અને પૂરક બનીને ઉપસ્થિત થાય છે.

આ સમયગાળામાં સાહિત્યમાં વિવિધ પ્રકારના સંપ્રદાયો દ્વારા લોકજીવનને બચાવવાના પ્રયત્નો થવા લાગ્યા. મધ્યકાલીન યુગમાં લોકોમાં આલોક કરતાં પરલોકમાં વધારે માનનાર લોકોનો વર્ગ વધારે જોવા મળે છે. લોક સમૂહ અંધશ્રદ્ધા, વહેમ, રૂઢીચુસ્તા, અશિક્ષિત વગેરેમાં જકડાયેલી જોવા મળતી. આ સમયગાળામાં સમાજના દરેક સંપ્રદાયના સંત કવિઓ કે સમાજસુધારકો જ્યાં જગ્યા મળી ત્યાં શિક્ષણ આપવાનું કામ ચાલુ કર્યું. જેને કેટલાક વિવેચકો ધર્મ આધારિત ગણવા લાગ્યા પણ ખરેખર મધ્યકાલીન શિક્ષણ કોઈ એક ધર્મ પુરતું નહિ પણ સમગ્ર માનવસમાજને ધ્યાનમાં રાખીને રચવામાં આવેલુ સાહિત્ય છે. લોકજીવનના કલ્યાણ માટે મંદિર, જૈનમઠો, દરગાહો, ગામના ચોઉરાઓ સાહિત્યના કેન્દ્રો બન્યા. આ પરિસ્થિતિએ

સાહિત્યને લોકજીવન સાથે સીધું જોડ્યું અને જન કલ્યાણ અને એકતા સાથે ધાર્મિક વિચારો જનમાનસ સુધી પહોંચ્યા.

**મધ્યકાલીન સાહિત્યમાં વિવિધ ધર્મ-સંપ્રદાય**

મધ્યકાલીન સાહિત્ય વિવિધ ધર્મોથી રંગાયેલું સાહિત્ય છે. સાહિત્યમાં પ્રશિષ્ટતા કરતાં ધાર્મિકતા વધારે જોવા મળે છે. ભારતવર્ષ માટે આપણે અગાઉ ચર્ચા કરી તેમ ધાર્મિક વિષયમાં સંઘર્ષમય રહ્યો છે. પણ એક અનોખી વાત એ છે કે પરિસ્થિતિ ધાર્મિક હોવા છતાં તે સમયના કવિઓ પાસેથી જેટલું સાહિત્ય પ્રાપ્ત થાય છે તેમાં ધાર્મિક એકતાના દર્શન થાય છે. મધ્યકાલીન સાહિત્યમાં ધર્મના આધારે અલગ અલગ સંપ્રદાય આધારિત વિચારધારા જોવા મળે છે. જેની ચર્ચા આપણે સંપ્રદાય પ્રમાણે વિભાજન કરીને જોઇએ.

**શૈવ પરંપરા અને સાહિત્ય:**

શૈવ ધર્મની પરંપરા ગુજરાતમાં પ્રાચીન સમયથી પ્રવર્તમાન હતી. મધ્યકાલીન સમયમાં શૈવ વિચારધારાનો પ્રભાવ નાથ સંપ્રદાય અને તત્વજ્ઞાનિક રચનાઓમાં જોવા મળે છે. શૈવ સાહિત્યમાં આપણને મુખ્ય ચાર તત્વોને આધારે સાહિત્ય જોવા મળે છે. જેના મુખ્ય તત્ત્વો વૈરાગ્ય, આત્મસાધના, યોગ અને તપ અને શિવને પરમ તત્ત્વ તરીકે સ્વીકાર કરવાનો છે. શૈવ સંપ્રદાયના ગુજરાતી સર્જકોની રચનાઓમાં શિવ તત્વનું દાર્શનિક તથા આધ્યાત્મિક નિરૂપણ તેમની પંક્તિઓ દ્વારા સ્પષ્ટ થાય છે.

અખો ભગત મધ્યકાલીન સાહિત્યનો વ્યવહારુ અને બૌદ્ધિક કવિઓમાં સમાવેશ કરી શકાય તેવો કવિ છે. તે શૈવ-નિર્ગુણ પરંપરાના મહત્વના કવિ છે. તેઓ શિવને બાહ્ય લિંગપૂજા કરતાં અંતરના જ્ઞાનરૂપે સ્વીકારે છે. અખાના છપ્પાઓમાં આપણને શૈવ સંપ્રદાય જોઈ શકાય છે.

“શિવ ઘટમાં છે, મંદિરે શું શોધે,
આપે આપ ઓળખે તો શિવ જ મળે.”

આ પંક્તિમાં અખો શૈવ સંપ્રદાયની આત્મજ્ઞાન પર આધારિત ભાવનાને રજૂ કરે છે. શિવ કોઈ બહારની મૂર્તિ નહીં પરંતુ આંતરિક ચેતન તત્વ છે—આ વિચાર શૈવ દર્શનનો મુખ્ય આધાર છે.

નરસિંહ મહેતા ગુજરાતી આદિકવિ છે. તેમના જીવન સંઘર્ષ અને ચમત્કારિક રીતે જીવન ગુજારે છે. જે આપણે સૌ જાણીએ છીએ. નરસિંહ મહેતા વૈષ્ણવ કવિ છે, છતાં શિવ પ્રત્યે આદરભાવ દર્શાવે છે. તેમની એક પંક્તિમાં કહે છે,

"શંકર શંભુ શરણું જઈએ, ભવભય ભાંગે ભોળા નાથ."

અહીં શિવને ભવભયનો નાશ કરનાર, કરુણામય નાથ તરીકે દર્શાવ્યા છે, જે શૈવ ભક્તિભાવનું પ્રતિબિંબ આપણને જોવા મળે છે. લોકપરંપરામાં જોડાયેલા ભરથરીના વૈરાગ્ય પદોમાં શિવયોગની અસર દેખાય છે. નીચેની પંક્તિ અનુસાર શિવને મુક્તિનું એકમાત્ર સાધન માને છે.

"ગોરખ કહે સુણો ભરથરી, શિવ વિના કશું સાર નહીં."

**<u>વૈષ્ણવ ભક્તિ પરંપરા:</u>**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વૈષ્ણવ ભક્તિ પરંપરાનું વિશેષ સ્થાન છે. કૃષ્ણભક્તિ આંદોલન દ્વારા લોકભાષામાં ભક્તિનો પ્રસાર થયો. વૈષ્ણવ ભક્તિમાં સૌ પ્રથમ નરસિંહ મહેતાના ભજનોને યાદ કરવા જોઇએ. નરસિંહ મહેતાના સાહિત્યના આધારે આપણને વૈષ્ણવ ભક્તિ પરંપરાના શ્રેષ્ઠ કવિ છે. તેમની રચનાઓમાં ભગવાન અને ભક્ત વચ્ચેનો આત્મીય સંબંધ, જાતિભેદનો વિરોધ અને માનવ સમાનતાનો સંદેશ જોવા મળે છે. ગાંધીજીનું પ્રિય ભજન આ વૈષ્ણવ ભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

"વૈષ્ણવ જન તો તેને કહીએ"

જેવી રચનાઓમાં ધર્મનો અર્થ કરુણા, સેવા અને સહનશીલતા તરીકે રજૂ થાય છે.

મીરાં અને દયારામ મીરાંની કૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિ અને દયારામની રસિક ભક્તિ પરંપરા મધ્યકાલીન સાહિત્યને ભાવાત્મક ઊંચાઈ આપે છે. પરંતુ તેમની ભક્તિની અભિવ્યક્તિમાં સ્વભાવ અને શૈલીનો સ્પષ્ટ તફાવત જોવા મળે છે. મીરાંની ભક્તિ ઉગ્ર, વૈરાગ્યસભર અને આત્મસમર્પિત છે, જ્યારે દયારામની ભક્તિ મધુર, લીલામય અને લોકરસથી ભરપૂર છે.

મીરાંબાઈની કૃષ્ણભક્તિ પ્રેમ અને એકનિષ્ઠા પર આધારિત છે. મીરાં માટે કૃષ્ણ પતિરૂપે સ્વીકારાયેલા છે. તેમની પ્રસિદ્ધ પંક્તિ કે જેમાં; “મેરે તો ગિરિધર ગોપાલ..” મીરાંની ભક્તિ વ્યક્ત કરે છે. સમાજના કષ્ટો વચ્ચે પણ તેઓ કૃષ્ણપ્રેમથી ડગતા નથી. બીજી પંક્તિમાં મીરાંબાઈ રજુ કરે છેકે;

“વાગી કટારી પ્રેમની, લાગી લગન પ્રેમની, હું તો ચરણ લાગી”

અહીં આત્મસમર્પણ અને વિરહભાવ પ્રગટ થાય છે. મીરાંની ભક્તિ આંતરિક અનુભવ અને ત્યાગનું સ્વરૂપ ધરાવે છે.

દયારામની કૃષ્ણભક્તિ સખીભાવ અને માધુર્ય રસથી યુક્ત છે. તેઓ કૃષ્ણને બાળગોપાલ અને નટખટ કાન્હા રૂપે ચિતરે છે. દયારામ કહે છે; “નંદનો લાલ ગોપાળ, રમે વ્રજમાં રાસ” આ પંક્તિમાં કૃષ્ણની લીલાઓ, રાસ અને વ્રજજીવનનું સૌંદર્ય દર્શાય છે. બીજું ઉદાહરણ “શ્યામ સુંદર સંગે રમું, ભૂલું જગની રીત” અહીં ભક્તિ આનંદ અને રસલિલાના સ્વરૂપે પ્રગટે છે.

**જૈન ધર્મ અને સાહિત્ય:**

ગુજરાતમાં જૈન ધર્મનું સાહિત્ય ક્ષેત્રે વિશાળ યોગદાન છે. જૈન સાધુઓએ પ્રબંધ, ચરિત્ર, કથા અને તત્ત્વગ્રંથો રચ્યા. જૈન ધર્મનું બહુ મોટું યોગદાન રહ્યું છે. આશરે ઈ.સ. ૧૨મીથી ૧૮મી સદી દરમિયાન ગુજરાતમાં જૈન આચાર્યો, સાધુઓ અને પંડિતોએ સાહિત્યસર્જનને ધર્મપ્રચાર, નૈતિક શિક્ષણ અને લોકજાગૃતિનું અસરકારક માધ્યમ બનાવ્યું. જૈન ધર્મના **અહિંસા, સત્ય, અપરિગ્રહ, તપ અને સંયમ** જેવા મૂલ્યો આ સાહિત્યના કેન્દ્રસ્થાને રહ્યા. જેમાં પ્રથમ

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

પંડિત હેમચંદ્રાચાર્ય, જિનપદ્મસૂરી, પદ્મનાથ, રાજશેખર વગેરે જૈન કવિઓને સાહિત્યમાં પણ અહિંસા, સંયમ, કરુણા અને ત્યાગના ગુણોને સાંકળીને ગુજરાતી સાહિત્યની રચના કરવામાં આવી છે. જૈન સંપ્રદાયના સાહિત્યમાંથી આજે શાંતિની મહેક આવે છે. તેમના સાહિત્યમાં વિવિધ ધર્મોની વાત કરતા પહેલા માણસના જીવનના ધ્યેય સુધી પહોંચવાનું કામ કરે છે. ગુજરાતી સાહિત્યમાં ભરતેશ્વર બાહુબલિ રાસ, નેમિનાથ ફાગુ, યોગશાસ્ત્ર, સિદ્ધહેમનુશાસન વગેરે કૃતિઓ આપણને પ્રાપ્ત થાય છે. જૈન સાહિત્યમાં નૈતિકતા અને શિસ્તનો વિશેષ ભાર છે.

જૈન સાહિત્યમાં મુખ્યત્વે **રાસ, ફાગુ, ચરિત્ર, પ્રબંધ અને કથા** જેવા સ્વરૂપો વિકસ્યા. "નેમિનાથ રાસ", "સ્થૂલિભદ્ર રાસ" અને "ચંદનબાલા રાસ" જેવી રચનાઓમાં તીર્થંકરોના જીવન, ત્યાગ અને વૈરાગ્યનું ભાવસભર નિરૂપણ થયેલું છે. આ કૃતિઓ દ્વારા લોકમાનસમાં ધાર્મિક મૂલ્યોનું સંસ્કારદાન થયું.

**<u>ઇસ્લામિક સૂફી પરંપરા:</u>**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઇસ્લામિક સૂફી પરંપરાનો પ્રભાવ અત્યંત મહત્વનો અને અર્થસભર રહ્યો છે. ઇ.સ. ૧૩મી સદી પછી ગુજરાતમાં સૂફી સંતો અને ફકીરોના આગમન સાથે પ્રેમ, કરુણા, માનવતાવાદ અને ઈશ્વરપ્રેમ પર આધારિત સાહિત્યિક અભિવ્યક્તિ વિકસતી ગઈ. સૂફી પરંપરાનો મુખ્ય ઉદ્દેશ ધર્મની કટ્ટરતા કરતાં અંતરની શુદ્ધિ અને માનવમાત્ર પ્રત્યે પ્રેમ પર ભાર મૂકવાનો રહ્યો છે.

સૂફી સાહિત્યમાં **ઇશ્ક-એ-હકીકી** (પરમેશ્વર પ્રત્યેનો પ્રેમ) અને **ઇશ્ક-એ-મજાજી** (માનવીય પ્રેમ) વચ્ચેનો સૂક્ષ્મ સંબંધ કાવ્યાત્મક રૂપે રજૂ થયો છે. મધ્યકાલીન ગુજરાતી લોકસાહિત્યમાં પીર-ફકીરો દ્વારા રચાયેલ ગઝલ, કાફી, દોહા અને વાણીમાં આ ભાવનાનું પ્રતિબિંબ જોવા મળે છે. મધ્યકાલીન સમયમાં ઇસ્લામિક સૂફી સંતોએ પ્રેમ, માનવતા અને ઈશ્વરભક્તિનો સંદેશ આપ્યો. ગુજરાતમાં સૂફી દરગાહો સાહિત્ય અને લોકધર્મના કેન્દ્ર બન્યા.

ગુજરાતી સૂફી પરંપરામાં **શાહ આલમ, શાહ અલી અને શાહ કમાલ** જેવા પીર-સંતોના ઉપદેશો લોકભાષામાં પ્રસરી ગયા. ખાસ કરીને **બુલ્લે શાહ** (પંજાબી સૂફી હોવા છતાં)ની

વિચારધારાનો પ્રભાવ ગુજરાતના સૂફી લોકગીતોમાં દેખાય છે. ઉદા. સૂફીભાવના દર્શાવતી પંક્તિ;

"મસ્જિદમાં શોધ્યો, મંદિરમાં જોયો,

પર મળ્યો નહી ખુદા, દિલમાં ઊતર્યો ત્યારે મળ્યો"

આ પંક્તિ સૂફી વિચારધારાની મુખ્ય ભાવનાને સ્પષ્ટ કરે છે કે ઈશ્વર બાહ્ય આચરણમાં નહીં પરંતુ અંતરના પ્રેમમાં વસે છે.

**વિવિધ ધર્મોમાં એકતા:**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મહત્વની વિશેષતા એ છે કે તેમાં વિવિધ ધર્મો વચ્ચે વિરોધ કે વિભાજન નહીં, પરંતુ પરસ્પર સંવાદ અને સમન્વયનો ભાવ પ્રબળ રૂપે જોવા મળે છે. આ યુગના સાહિત્યમાં ભક્તિ અને સૂફી પરંપરાઓ એકબીજાને સ્પર્શતી અને પૂરક બનીને વિકાસ પામે છે. ધર્મની બાહ્ય કટ્ટરતા કરતાં માનવતા, પ્રેમ અને આત્મિક શુદ્ધિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

નરસિંહ મહેતાની ભક્તિકવિતામાં વ્યક્ત થતો માનવતાવાદ અને સર્વજીવ પ્રત્યેની કરુણાની ભાવના સૂફી વિચારધારાના "ઇશ્ક" અને માનવપ્રેમ સાથે સમાનતા ધરાવે છે. તેમ જ અખો ભગતના નિર્ગુણ તત્ત્વજ્ઞાનમાં દર્શાવાતો વૈરાગ્યભાવ અને આત્મજ્ઞાન જૈન તત્ત્વજ્ઞાનના સંયમ અને અપરિગ્રહના વિચારોથી સુસંગત જણાય છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આ તમામ વિચારધારાઓ લોકભાષામાં વ્યક્ત થવાથી ધાર્મિક સંદેશ સામાન્ય જનમાનસ સુધી સહજ રીતે પહોંચ્યો.

આ રીતે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિવિધ ધર્મો વચ્ચેનું આ સમન્વયભાવ ભારતીય સંસ્કૃતિની મૂળ આત્મા—"વિવિધતામાં એકતા"—ને ઉજાગર કરે છે અને સાહિત્યને સામાજિક એકતાનું સશક્ત માધ્યમ બનાવે છે.



**નિષ્કર્ષ:**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ભારતીય સંસ્કૃતિની ધાર્મિક બહુવિધતા અને માનવતાવાદી ચેતનાનું સુસંગત તથા સજીવ પ્રતિબિંબ છે. આ સમયગાળામાં રચાયેલ સાહિત્યમાં શૈવ, વૈષ્ણવ, જૈન તથા ઇસ્લામિક સૂફી પરંપરાઓ વચ્ચે વિરોધ કે ટકરાવ જોવા મળતો નથી, પરંતુ પરસ્પર સંવાદ, સમન્વય અને સહઅસ્તિત્વની ભાવના પ્રબળ રૂપે પ્રગટ થાય છે. વિવિધ સંપ્રદાયોના સંતકવિઓએ પોતાના-પોતાના ધાર્મિક વિચારોથી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું, છતાં તેમના કેન્દ્રમાં માનવકલ્યાણ અને આત્મિક ઉન્નતિનો એક જ ધ્યેય રહ્યો છે.

શૈવ પરંપરામાં અખો જેવા કવિઓએ આત્મજ્ઞાન, વૈરાગ્ય અને આંતરિક સાધનાને મહત્વ આપ્યું, જે જૈન તત્ત્વજ્ઞાનના સંયમ અને અપરિગ્રહના વિચારોથી સુસંગત જણાય છે. વૈષ્ણવ ભક્તિ પરંપરામાં નરસિંહ મહેતા, મીરાં અને દયારામે પ્રેમ, કરુણા, સમર્પણ અને માનવ સમાનતાનો સંદેશ આપ્યો. ખાસ કરીને નરસિંહ મહેતાની માનવતાવાદી દૃષ્ટિ અને "વૈષ્ણવ જન" જેવી રચનાઓ સૂફી વિચારધારાના ઇશ્ક અને માનવપ્રેમ સાથે સામ્ય ધરાવે છે. ઇસ્લામિક સૂફી પરંપરાએ પ્રેમ, સહિષ્ણુતા અને અંતરની શુદ્ધિ પર ભાર મૂકીને ધાર્મિક કટ્ટરતાથી પર માનવતાવાદી અભિગમ રજૂ કર્યો.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતા એ છે કે આ તમામ ધાર્મિક વિચારધારાઓ લોકભાષામાં વ્યક્ત થઈ હોવાથી તેનો પ્રભાવ સામાન્ય જનમાનસ સુધી સહજ રીતે પહોંચ્યો. મંદિર, મઠ, દરગાહ અને લોકમંચો સાહિત્યના જીવંત કેન્દ્રો બન્યા અને સાહિત્ય લોકજીવન સાથે સીધું જોડાયું. પરિણામે આ સાહિત્યે માત્ર આધ્યાત્મિક માર્ગદર્શન જ આપ્યું નહીં, પરંતુ સામાજિક એકતા, સહઅસ્તિત્વ અને સહિષ્ણુતાના મૂલ્યોને પણ મજબૂત બનાવ્યા. આ રીતે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય "વિવિધતામાં એકતા"ના ભારતીય સાંસ્કૃતિક આદર્શને સાહિત્યિક સ્વરૂપે પ્રતિષ્ઠિત કરે છે અને આજના સમય માટે પણ સહઅસ્તિત્વ અને માનવતાનો પ્રેરક સંદેશ આપે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**સંદર્ભ સૂચિ:**

૧. દેસાઈ, ધીરુભાઈ ઠાકરશી. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : મધ્યકાલીન યુગ*. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૧૦.

૨. પંડ્યા, રમેશ એમ. *મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય*. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૨૦૦૮.

૩. જોશી, ઉમાશંકર. *ગુજરાતી સાહિત્યની રૂપરેખા*. પ્રવીણ પ્રકાશન, રાજકોટ, ૨૦૦૫.

૪. ત્રિવેદી, ચંદ્રકાંત. *ભક્તિ આંદોલન અને ગુજરાતી સાહિત્ય*. પારશ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૦૭.

૫. મહેતા, રમણલાલ વી. *ગુજરાતી ભક્તિકાવ્ય પરંપરા*. સાહિત્ય પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૯.

૬. શુક્લ, ધીરુભાઈ. *અખો : જીવન અને કાવ્ય*. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૦૪.

૭. શાહ, પ્રભુદાસ બેચરદાસ. *નરસિંહ મહેતા : કાવ્ય અને દર્શન*. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૬.

૮. હુસૈન, સૈયદ સલમાન. *સૂફી પરંપરા અને ભારતીય સાહિત્ય*. નેશનલ બુક ટ્રસ્ટ (ગુજરાતી આવૃત્તિ), નવી દિલ્હી, ૨૦૧૨.